સાલ : ૨૨ / સિલસિલાવાર નંબર : ૧૮૬ / શુમારો : ૬ 	બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ	 કુલ પાના - ૧૬

مشكوة الهادي
MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. 	ઝુલ કાઅદતિલ હરામ-ઝુલ હિજ્જતિલ હરામ ૧૪૪૬ / મે-જૂન ૨૦૨૫

## ઈરાદએ હજ્જ

હજ્જ કરવાની માઅના ફક્ત દેખાવ-રિયાકારી ખાતર નથી પણ સાચા દિલથી, સિદક નિય્યતથી કોઈ એક ખાસ ચીઝ તરફ કસ્દ-ઈરાદો કરવાની છે. દુનિયાની ઝમીન પર આલમે ઈસ્લામ વાસ્તે ખાસમાં ખાસ જગા અલ્લાહતઆલાના ઘર-બયતુલ્લાહિલ હરામ છે, જેના તરફ ચહેરો કરીને પૂરી દુનિયાના તમામ મુસલમાનો ભલે તેઓ કોઈ પણ જેહત-કોનામાં રહેતા હોય - નમાઝ અદા કરે છે.

નમાઝ પઢનારાઓના બે હિસ્સા છે. એક હિસ્સો તો તે કે, જેઓ મક્કહ અલ-મુઅઝ્ઝમહમાં રહેતા હોય કે જેઓ કાઅબાની મસ્જિદે હરામમાં જઈ, કાઅબા તરફ ચહેરો કરીને, કોઈ પણ જેહત-જગા માંથી નમાઝ પઢી શકે છે. બીજો હિસ્સો મક્કહ શહેરથી દૂર-દરાઝ ફેલાયેલા મુસલમાનોનો છે. તેઓ વાસ્તે વાજિબ બને છે કે, જ્યાં હોય તે જગા પરથી કાઅબા કઈ જેહત-દિશામાં છે, તે બરાબર તફતીશ કરીને જાણી લે અને પછી તેને જ રૂખ કરીને નમાઝ પઢે. કાઅબતુલ્લાહ તરફ રૂખ કીધા બગૈર બીજી જેહત તરફ રૂખ કરી પઢેલી નમાઝ જાઈઝ નથી ગણાતી.

હજ્જ વાસ્તે આ ચીઝ ખાસ છે કે, જે હાજી હજ્જ પઢવા આવે એ કાઅબાને તવાફ દેવા હરમે આમિનમાં દાખિલ થાય, આઁખો ભરીને કાઅબતુલ્લાહને જોઈ, હરમના હરએક મકામથી બરકત હાસિલ કરે, દોઆ કરતો રહે, ઔલિયાઉલ્લાહને યાદ કરતો રહે, તૌબા માંગતો રહે, તવાફના તમામ અરકાન પર પોતાની ઝાતને કુરબાન કરતો રહે, કુરઆને કરીમની તિલાવતમાં મશ્ગૂલ રહે, આ જ એક મુકમ્મલ હજ્જ અને હાજીની નિય્યતની નિશાનીઓ છે. આ સિવાય હજ્જ અધુરી ગણાય છે. હજ્જની સફરે તવીલનું આ પહેલું અહમ પગથીયું છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપના કલામે મુનીરમાં ફરમાવે છે કે, ઝમીન પર રચાએલા કાઅબા, આસ્માન ઉપર કાઈમ થયેલા કાઅબાના મુકાબિલ છે. આ દૌરૂસ્સતરમાં ઝમીનના પાકીઝા બુકઅહ-ટુકડામાં જે જગા પરથી ઝમીનને ફેલાવવામાં આવી છે, તે મક્કહ અંબિયાએ કિરામની જાએ ઈસ્તિગફાર છે, મકામે મુનાજાત છે, તેના આસપાસ, રાત-દિવસ, બારેમાસ આદમીઓના સાથે ફરિશ્તાઓ તવાફ દે છે અને તેના ઉપર **આલમે નૂરાનીમાં ચોથા આસ્માન પર બૈતે માઅમૂર**ના ફક્ત ખુસૂસી અમરશુદા ફરિશ્તાઓ જ તવાફ દે છે અને અલ્લાહતની તકબીર પુકારે છે.

હજ્જ વાસ્તે ફરમાન છે કે, હાજી હર તરહથી ઈસ્તેતાઉસ સબીલ હોય. યાઅની કે, એ હજ્જ વાસ્તે એ પૈમાનાની તૈયારી કરે કે, એની સેહત, એના બાલબચ્ચાં, એનું ઘર, એનો કારોબાર, રસ્તાની કુલ્ફત-શિદ્દત, હુકૂમત તરફથી ઈજાઝત અને એની ગૈરહાઝિરીમાં એના ઘરની દેખરેખ અને નિભાવ બરાબર થાય. હાજી ખયાલ રાખે કે, પોતાની દૌલતના બલ પર અને માલી હૈસીયતથી હજ્જ કરે, કરઝ લઈને બીજાના પૈસાથી ના કરે. આ ચીઝ એની ઈસ્તેતાઅતને ખત્મ કરી દે છે. **જિસ્માની તંદુરસ્તી સાથે નિય્યતની પાકીઝગી અને આઅમાલની દુરસ્તગી ખૂબ જ ઝરૂરી છે.**

(બકીયહ પેજ નં. ૨ પર)

## ઝમીન હમારા વાસ્તે સજદાગાહ છે.

(પેજ નં. ૧ નું બાકી)

હાજીની બાતિની દુરસ્તગી ઈમામુઝઝમાન (અ.સ.) ની માઅરેફત, યકીન અને મીસાક પર દારોમદાર રાખે છે. કાઅબતુલ્લાહ, અલ્લાહતઆલાની રહેમતની ખાસ જગા છે અને તેની મિલ્કીયત અહલુલ બૈતના હાથમાં છે. તમામ મસ્જિદો અલ્લાહતઆલા વાસ્તે છે કે, જેના કિબ્લાનું રૂખ કાઅબતુલ્લાહ તરફ છે. કાઅબાની મસ્જિદે હરામ, ઈમામે હક્ક તરફ ઈશારો કરે છે અને તેના કિબ્લા ઈમામે હક્કના દાઈ તરફ ઈશારો કરે છે. જેમ કિબ્લા, કાઅબતુલ્લાહના રૂખ તરફ છે, તેમ **હરએક દાઇ પોતાના રૂખને ઇમામે હક્ક તરફ રાખે છે અને આપનાથી જ તાઇદો હિદાયત હાસિલ કરે છે.** આ તરહ ઈબાદતમાં હાઝિર તમામ મુમિન મુસ્તજીબ કિબ્લામાં પોતાના દાઈ તરફ રૂખ કરે છે અને એમની ફરમાઁબરદારીથી પોતાના દીનને સંભાલે છે.

આ સાલ દાઅવતે હાદીયહ તૈયેબીયહના હરમે હાતિમી માંથી અલ્લાહતઆલાના ફઝલો એહસાનથી માઝૂનો મન્સૂસ સૈયેદી સઈદુલ ખૈર ઈમાદુદ્દીન સાહેબ (દા.મ.) ૫૦ થી ફૌક મુમેનીન-મુમેનાત ને હમરાહ હજ્જે બયતુલ્લાહ ના રૂકને અઝીમની અદાયેગીનો કસ્દ કરીને ૪૫ અય્યામ વાસ્તે સફરે મયમૂન ઈખ્તિયાર કરી રહ્યા છે. મુમેનીનની બલંદ ઈકબાલી છે કે, શરીઅતે ગર્રાનાં ફરઝોમાં શામિલ હજ્જે બયતુલ્લાહના મનાસિકો અરકાન દાઅવતે શરીફહના દરજાના સાહેબ અદા કરાવશે, દોઆ-નસીહત-વસીલા-તવાફ-બલાગની બરકાતથી નવાઝશે, નમાઝે ઈમામતની નેઅમત હાસિલ થાશે અને ગાહે-બ-ગાહે હર જગા પર હિદાયતના જૌહરથી ખાસ કરશે.

સૈયદના સાહેબ આકા મૌલા (ત.ઉ.શ.) ની દોઆએ માઅસૂરથી અલ્લાહતઆલા મુમેનીનને આ ફરઝે ઐન રૂકન અદા કરવાની તાકત અને તૌફીક અતા ફરમાવે. આમીન. ✯

---

(પેજ નં. ૮ નું બાકી)

ઈમામુઝઝમાન (અ.સ.) ની જગા પર દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) હાઝિર હોય તો જેહાદનો પૂરો મફહૂમ હમારા અકીદા મુજબ અલગ બની જાય છે. જેહાદનો હુકમ તો ફકત ઈમામે હક્ક જ આપી શકે છે અને લોગો વાસ્તે ઈમામ બગૈર જેહાદ કરવું વાજિબ નથી. દાઈએ હક્કના ઈખ્તિયારમાં છે કે, જે વકત આપ જોઈ કે, મુમેનીનના જાનો-માલને ખતરો છે, હલાકતનો ડર છે, તો હિફાઝતની ખાતિર દુશ્મનોનો મુકાબેલો કરવા જેહાદનો હુકમ કરી શકે છે. જમાઅતના મુમેનીનને સાચવવા વાસ્તે દુશ્મનોના હમલાઓને રોકવા ઝરૂરી બની જાય છે.

હાલમાં હમેં જોઈએ છે કે, ઝિંદગીના ઊમૂરને જંપાવવા તમામ જિસ્મની જેહાદ અને મહેનત કરતા હોય છે, મગર અસલ જેહાદ નફસાની જેહાદ છે કે, જેને હમને પાકીઝા બનાવવાની છે. તો જ દામને જેહાદમાં હમારી દાખિલી થાશે. આની પહેલી મંઝિલ એ છે કે, હમેં ૧૮મી ઝુલહિજ્જહ, ઈદે ગદીરે ખુમ્મ કે, જે દિન પર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ વલીયુલ્લાહ માઁ (મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.)) ને વસાયતના દરજા પર કાઈમ કીધા અને તેનું એલાન કીધું, તે દિનના આઅમાલ અને મીસાક પર અમલ કરવું છે. જેહાદના માલિક જ અલીયુલ મુરતઝા છે. **દામને અલી તે જ દામને જેહાદ છે.** આપની આલે અત્હરના ઈમામુઝઝમાનમાં યકીન રાખનાર હર વક્ત મુજાહિદ છે અને હમેં અલ્લાહતઆલાની બારગાહમાં ઈલ્તેજા કરીએ છે કે, હમને દામને જેહાદમાં યાઅની માઁ અલી વલીયુલ્લાહ (અ.સ.) ની મવદ્દત ના દામનમાં હમેશા-હમેશા વસેલા રાખે. ✯

---

**ઝમીને હિન્દ ઈમાનની મઝબૂતી વાસ્તે ખૈર જગા છે.**

---

**જેમ હમેં જમનને ચાવીએ છે, તેમ ઝમીન તેના ઉપર વસનાર હર કોઈને ચાવી જાય છે.**

**ઝમીનથી હમેં પૈદા થયા અને તેમાં જ હમારી કબર બનશે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ મુબારક સુન્નતો
### કિસ્ત - ૨૨

નબી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઐન સુન્નતોમાંથી એક પાડોશીઓ વાસ્તે પણ છે. તે છે એમનો ખયાલ, ઈઝઝત, તઅલ્લુકાત, રહેમદિલી અને મોહબ્બત. આનાથી ઘરની બંદિશો અને હિદાયતના તકાઝા બરકરાર રહે છે. આ રિશ્તાઓ એતેમાદ અને ભરોસા પર ચાલે છે. જોવા જઇએ તો પાડોશીઓ નો રિશ્તો બીજા ખાનદાની રિશ્તેદારો કરતા ઝિયાદહ પાકો અને અહમ સાબિત થાય છે.

આ બાબમાં આગલા શુમારાઓમાં ઘણી નસીહતો આવી ગઈ છે. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપના ફરઝંદોને બેસાડીને ફરમાવે છે કે,

✤ અય મારા ફરઝંદો ! અલ્લાહતઆલાએ તેની મખ્લૂકાતમાં જેને શરફ આપેલો છે, એ ઈન્સાન છે. ઈન્સાનોમાં જેને શરફ મિલેલો છે, એ મુમિન મુખ્લિસ છે. હવે મુખ્લિસ મુમિનના આ તરહના દરજાત હોય, તો જે દીનને એના વાસ્તે અલ્લાહતઆલા તરફથી મુન્તખબ કરવામાં આવું હોય, ખાસ કરવામાં આવું હોય, તે દીનની શું કૈફીયત હોય શકે ? બિલાશક, તે દીન આઅલા હોય, અફઝલ હોય, બરતર હોય, કામિલ હોય, ફાઝિલ હોય અને બહેતરીન હોય. તે દીન એવું હોય કે બીજા મઝહબો પર હાવી હોય, તેમાં તમામ લોગોની ફિકરો અને હાજિતો સમાયેલી હોય, તેમાંથી જ બીજા મઝહબો કે જે ઈન્સાને બનાવેલા હોય, તેના રસ્તાઓ નિકલતા હોય, તો હમારા દરમિયાન **તે દીન એક જ છે અને તે છે દીને ઇસ્લામ.** આ દીને અત્હર પર ચાલનાર મુખ્લિસ મુમિનનો શરફ ઘણો-ઘણો છે.

✤ અય મારા ફરઝંદો ! તમેં હર હાલમાં તકવા રાખજો. તકવાના સબબ જ અલ્લાહતઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને નુબૂવતથી ખાસ કીધા છે. હમેં અહલુલ બૈત માંથી છે. હમારો પહેલો સબક તકવાનો છે. તમેં મારા ફરઝંદો છે, ઉમ્મતના ઈમામો છે. તમારા તકવાથી ભરેલા આઅમાલ પર લોગોની નઝર છે. તમારા તકવાથી લોગો સબકઆમોઝ થાય તે વાસ્તે તમારી કોશિશ હોવી જોઈએ.

તકવા તે અલ્લાહનો ડર છે. અલ્લાહતઆલા હર જગા, હર વક્ત, હર ચીઝ સાથે મૌજૂદ છે. તેની નઝર હમારા હર અમલ પર છે. હમારા હર ગુનાહો વાસ્તે તે હમને પકડશે, આ ડર મોટામાં મોટો ડર છે. અલ્લાહતઆલાની બીક કરતાં બીજું કોઈ કામ ઈઝઝતમાં વધારે નથી. કેમકે, આ ડર હમને ગુનાહોંથી બચાવીને રાખે છે. **હર લમ્હા હમારા ઝહેનમાં હોય છે કે, કોઇ જોઇ કે ના જોઇ, કોઇ જાણે યા ના જાણે મગર અલ્લાહતઆલા મારા હર અમલ યા ગુનાહનું ઇલ્મ રાખે છે** અને મહેશરમાં તે વાસ્તે મને જવાબ આપવો પડશે. આ ડર જે શખ્સના દિલમાં હશે એ મુત્તકી બનીને રહેશે.

✤ અય મારા ફરઝંદો ! તૌબહ કરવું એક ગુનાહગાર વાસ્તે પાકીઝા થાવાનો એક ઉમ્દામાં ઉમ્દા ઝરીઓ છે. જે મુજબ આ દુનિયામાં પૈદા થયેલી યા પડેલી યા રહેલી તમામે તમામ ચીઝોમાં ઊંચ-નીચ થાય છે, બદલાવ આવે છે, કમ-ઝિયાદહ થાય છે, બહેતર-બદતર થાય છે, ચોખી-ગંદી થાય છે, તે મુજબ **ઇન્સાન બાહરી જિસ્મથી અને અંદરૂની નફસથી ગંદો અને નાપાક થાય છે.** શરીઅતમાં ફરમાન છે કે, જિસ્માની પાકી વાસ્તે ગુસ્લ વાજિબ થઈ જાય છે. મગર નફસાની પાકી આના કરતા ઝિયાદહ ઝરૂરી છે. તો સવાલ એ ઊભો થાય છે કે, નફસાની પાકી કઈ તરહ હાસિલ કરવી ?

કુરઆની આયતોમાં જે જે જગાઓ પર ઈમાનની ગુફતગૂ કરવામાં આવે છે યા ગુનાહોની મુઆફી વાસ્તે કહેવામાં આવું છે, ત્યાં તૌબહ અને મગફેરતની ઝિક્ર ઝરૂરથી કરવામાં આવી છે. જહાં તક તૌબહ બંદો નહીં કરે વહાઁ તક એ બાતિની તૌરથી પાકો સાફ નહીં થાય. ગુનાહોની મુઆફી-તલાફીનો અમલ તૌબહ કરી લેવા તક મહેદૂદ નથી. (બકીયહ પેજ નં. ૪ પર)

**ઝમીનનો હરએક ટુકડો એક કબર છે.**

(પેજ નં. ૩ નું બાકી)

પણ તેના બાદ એ વાઅદો નિભાવવો કે, એ બંદો દોબારહ ગુનાહ પર સવાર નહીં થાય, એ કામ ખુબ જ મુશ્કિલ છે. ગુનાહ કરવાની જેને આદત જ પડી જાય એના વાસ્તે પછી તૌબહ એક મઝાક બનીને રહી જાય છે. તૌબહ ને કાઈમ રાખવા વાસ્તે મઝબૂત ઈરાદો અને સાફ નઝરીયો દરકાર છે.

તૌબહ કરવાની આઅલામાં આઅલા જગા જો દુનિયાની ઝમીન પર હોય, તો તે કાઅબતુલ્લાહ અને અરફહનું મૈદાન છે. આ જગાઓ પર ખાલિસ તૌબહની દોઆ અને અરઝ રદ થાતી નથી. જે મકામાતે મુકદ્દેસાત પર અંબિયા (અ.સ.) પોતાની ઉમ્મતોની બખ્શિશની દોઆઓ માંગીને ગયા હોય, તે જગાઓની પાકીઝગી અને નૂરાનીયતની ઈન્તેહા કઈ તરહ હોય. બેશક ! આ જગાઓ બાબરકત છે. મુખ્લિસ મુમિનને તે વાસ્તે હજ્જે બયતુલ્લાહનો ઈરાદો અને કસ્દ કરવો જોઈએ. જેના ઝરીએ સફરે આખેરત વાસ્તે બહેતરીન ઝાદે તકવા તૈયાર થાય. **આ ઝાદે તકવાની ચાવી તૌબહ છે,** જેનાથી અલ્લાહતઆલાની રહેમતો ફોયૂઝાતના તમામ દરવાઝાઓ ખોલી શકાય છે. ✫

## " તમને અને મને ના પહેચાના "

### કિસ્ત - ૧

રસૂલુલ્લાહ બાવાજીએ વલીયુલ્લાહ માઁ ને ફરમાવું કે, "અય ભાઈ અલી ! બયતુલ ખલા (સંડાસ) ની ૧૨ અદબો છે, જે કોઈ શખ્સ આ ૧૨ અદબોને ના જાણે, તો એં મને અને તમને ના પહેચાના. હર કોઈ જે મુમિન હોય એને આ ૧૨ અદબોના ઝાહિર અને બાતિનનું જાણવું વાજિબ છે."

આ કલામે નબવીથી હમને માઅલૂમ થાય છે કે, જે કોઈ શીઅયાને અલી હોય અને એ આ ૧૨ અદબોને ફરામોશ કરે, તે મુજબ અમલ ના કરે તો એં નબી અને વસી બેવે ને ના પહેચાના.

**અદબ ૧ :** ખુલ્લા પગે ખલા કરવા જાય નહીં. ચાકડી યા પાપોશ પહેરીને મોરી-સંડાસ-વોશરૂમ-લેટરીનમાં જાય. આ તે તરફ ઈશારો કરે છે કે, અલ્લાહતઆલાની દાઅવતમાં જે વક્ત મુમિન દાખિલ થાય, તો ઝાહિર તેમજ બાતિન બેવે ઈલ્મ પર અકીદો રાખીને દાખિલ થાય. **જેમ ઇસ્લામ ઝાહિર છે, તેમ ઇમાન બાતિન છે.**


**અદબ ૨ :** ખલા કરવા દાખિલ થાય તો તે વક્ત ડાબો કદમ આગલ રાખીને જાય. આ તે તરફ ઈશારો છે કે, દાઅવતે હક્કમાં દાખિલ થાવું હુજ્જતના હાથ પર છે. ઈમામે હક્ક જે વક્ત ઝાહિર હોય, હાઝિર હોય તો આપના હુજ્જત હર જગા પર મૌજૂદ હોય છે. **લેહાઝા, દાઅવતના તમામ ઊમૂરનો પહેલો ઝીનો-દાદર એ આપના હુજ્જત છે.** હુજ્જત તે સાહેબ છે, જે મુમિનના હર શક-શુબોહાતને દૂર કરે છે અને દીનની પાબંદી પર મુમિનને લગાવી દે છે. આપનાથી ઈલ્મી ઈસ્તેફાદો લેવો યાઅની ઈમામે હક્ક તરફથી ફૈઝ જારી થાવું છે.

**અદબ ૩ :** ખલા દૌરાન અને તે પહેલા પોતાનું માથું ઢાંકે અને પોતાના તે અમલને છુપાવે. આ મુજબ કરવું તેની માઅના એ છે કે, આ દૌરૂસ્સતરમાં દુશ્મનાને ઈમાનને છુટો દૌર આપી દેવામાં આવો છે. હર જગા શયાતીનિલ ઈન્સે વલ જિન્ન મૌજૂદ છે. ઈમામે હક્ક અને આપના મુમેનીન પર આ ઇબ્લીસ-સિફત લોગો હમ્લો કરા કરે છે. મકરો ફરૈબની જાલને બિછાવા કરે છે. દાઅવતે હક્ક તરફ આવનાર લોગોને બહેકાવા કરે છે. ફસાદ બરપા કરવાથી બાઝ આવતા નથી. **લેહાઝા, હર મુમિન પર વાજિબ છે કે, દુશ્મનોથી પોતાના અકીદા-ઇમાનને છુપાવે.** ઈમામે હક્કની ઝાતે અકદસને છુપાવે. દુશ્મનોને ઓલખી લે અને પોતાને એવા બેદીનોથી દૂર રાખે. બરઅતના હથિયારથી શયાતીનથી ઝોરઆવર જંગ કરે, જેથી પોતાના દિલની વલાયતે ઈમામ હક્ક સલામત રહે. ✫

**ઝમીન આસ્માન તરફ જાવાનો ઝરીઓ છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**




૧) મુમિનને, અલ્લાહતઆલાનો, તે બાદ તેના અઝાબનો, તે બાદ હશરના મૈદાનમાં પોતાના આઅમાલના હિસાબનો, તે બાદ પોતાની કબરના વહેશતનાક આઅલમનો ------- રાખવો જોઈએ. (૨)

૨) રસૂલુલ્લાહ બાવાજીના હર કલામમાં પંદ, નસીહત અને ----- છે. (૩)

૩) અલ્લાહતઆલાના મુબારક નામો માંથી છે કે, જે ઘણો જ કરમ કરનારો છે, તેને "કરીમ" કહેવાય છે અને જે ઘણો જ રહેમ કરનારો છે, તેને ------- કહેવાય છે. (૩)

૭) સૂરતુલ ફાતેહામાં હમેં "એહદેનસ્સિરાતલ મુસ્તકીમ" ની આયત પઢીએ છે કે, જેનો મતલબ થાય છે કે, "અય પરવરદિગાર, આપ હમને ------ રસ્તાની હિદાયત દો." (૨)

**✵ આડી તરકીબ :**


૨) ------, એક તરહનો જહન્નમનો ટૂકડો છે. ઘરથી બાહર કદમ જે વક્ત હમેં મુકીએ તો હર આફત અને મહેનત વાસ્તે તૈયાર રહેવું જોઈએ. (૩)

૪) હરએક ચીઝનો દરવાઝો હોય છે અને રસૂલુલ્લાહ બાવાજીના ઈલ્મી શહેરનો દરવાઝો અમીરૂલ મુમેનીન મૌ.અલી (વલીયુલ્લાહ માઁ) છે. દરવાઝાને લિસાને અરબીમાં શું કહેવાય ? (૨)

૫) મુમિન પર વાજિબ છે કે, અગર એની રોઝી તંગ થાય તો, કોઈ પણ ------ કરીને, કોશિશ કરીને નવી ચીઝ તરફ નઝર કરવી જોઈએ. (૨)

૬) જન્નતી અને જહન્નમીને લોગોમાંથી અલગ કરનાર, તકસીમ કરનાર મૌ.અલી મુશ્કિલકુશા છે. તકસીમ કરવા વાસ્તેનો લફ્ઝ કયો છે ? (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**



**નોંધ :** લફ્ઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઈનથી ઈલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે.✯

## તસ્બીહે મુજર્રબ

મજબૂરી-લાચારી-ફકીરી-બીમારીમાં ઈન્સાન પાસે પોતાના રબના નઝદીક દોઆ માંગવા સિવાય બીજો કોઈ રસ્તો નથી, છુટકો નથી, ઝરીઓ નથી, નુસ્ખો નથી. દોઆ કીધા બાદ ઈન્સાનના દિલે બેકરારને સુકૂનો ઈત્મિનાન હાસિલ થાય છે. રબ્બુલ ઈઝઝતના નઝદીક ઉમ્મીદ રાખીને બેસે છે કે, ઝરૂર ! એની દોઆનો બહેતર અંજામ આવશે અને એની તકલીફોનો સહેલો હલ નિકલશે. મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી ખાલિક અને મખ્લૂકનો, દોઆ સાંભલનાર અને દોઆ કરનારનો રિશ્તો નિભેલો છે અને કામિયાબ થયેલો છે. ખાલિક, તેના મખ્લૂકને દોઆ કરવાનું ફરમાન કરે છે અને તે જ તે માંગેલી દોઆને ઈસ્તેજાબ-મકબૂલ કરવાનો વાઅદો પણ આપે છે. દોઆ કરવું હમ મખ્લૂક પર છે અને તેના પર કુબૂલીયતની મોહર મારવી ખાલિક પર છે.

પહેલામાં પહેલી દોઆ જે ઈન્સાને એના ખાલિક પાસે માંગી તે આ છે :

**" એહદેનસ્સિરાતલ મુસ્તકીમ, સિરાતલ્લઝીના અન્અમ્તા અલયહહિમ ગૈરિલ મગઝૂબે અલયહિમ**

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**ઝમીની કબર હમારા વાસ્તે આસ્માની મંઝિલો તય કરાવે છે.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
### મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૮

જે લોગો હમારાથી ગૈર છે અને ઈમામ ઈસ્માઈલ અલ-વફી (અ.સ.) માં અકીદો નથી રાખતા તેઓ શીઈયતના મુખ્તલિફ ફિરકાઓ સાથે તઅલ્લુક રાખે છે અને તેમાંથી હરએક પોતાના ઈમામની વાર જોઈ રહ્યા છે. જેનો ઈન્તેઝાર થઈ રહ્યો છે, એને તેઓ ઈમામે મુન્તઝર કહે છે. હમારા ઈમામ ઈસ્માઈલ (અ.સ.) અને તે બાદ આપના ફરઝંદ સાતમા ઈમામ મોહંમદ અશ-શાકિર (અ.સ.) સિવાયના ઈમામતના દાઅવેદારો અને ગુમ્રાહીના રાહદારો ના હાથમાંથી શરીઅતની લુગામ છુટી ગઈ. ઝાહિરી ઈમામતના શૌકમાં અને સરદારીની લાલચમાં તેઓ દુશ્મનાને હક્કના શિકાર બની ગયા. કિતાબુલ્લાહની તાઅલીમાતની હિફાઝત ના કરી શકા. લોગોના ઈખ્તેલાફાતને દૂર ના કરી શકા. લોગોના અંદરૂની મુઆમેલાતને ના સુલઝાવી શકા.

હમારા ઈમામોએ સતર ઈખ્તિયાર કીધો મગર દોઆત-રઝાકારોના ઝરીએ કારે દાઅવત કાઈમ રાખું અને મુમેનીનના ઈમાનના શમઅને રોશન રાખું. મગર બીજા ફિરકાઓના રઈસો, દુનિયાપરસ્ત હાકિમો જે શીઈયતના દુશ્મનો હતા, એ મુજબ તેઓના કબ્ઝામાં આવા કે, એ રઈસો યા તો કેદી બનાવી લેવામાં આવા યા ઝહેરથી હલાક કરી દેવામાં આવા યા હાકિમોના મોહરા બની ગયા. જો આમ જ હોય તો આ **રઇસો-ઇમામો કઇ તરહ મુખ્લેસાના તેઓના લોગો સાથે રાબેતામાં રહી શકે !** ગુનાહો વાસ્તે મગફેરતની દોઆ કરી શકે ! નમાઝને પઢાવી શકે યા હુકૂકુદ્દીનને લઈ શકે ! મુખ્તલિફ જગાઓ પર એનો પૈગામ મોકલવા નુમાઈંદાને મુકર્રર કરી શકે !

લોગો દરમિયાન હાઝિર જ ના હોય તો માઅરૂફનો હુકમ યા મુન્કર ચીઝોથી રોકથામ કઈ તરહ કરી શકે ! પૈચીદા સવાલાતના હલ યા કશીદા હાલાતનો સામનો કઈ તરહ કરી શકે ! અરે ! રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મકામે આલી અને ઝમાનએ મુબારક સાથે જે જે ઊમૂર-કામો-ફેસલાઓ તઅલ્લુક રાખતા હોય યા દીની ઝિમ્મેદારીઓના તકાઝાઓનો સવાલ હોય તે મુજબની મોહિમ કે હિલચાલ આ રઈસોમાં તો દેખાતી ન્હોતી. આ તમામ વુજૂહાતથી ઝાહિર થઈ જાય છે કે, આ તરહના સરદારો, ઈમામતના દરજાને લાઈક થઈ શકતા નથી અને ઈમામે હક્કની રૂહાની હૈસીયતને કાબિલ બની શકતા નથી. તો હમારા પર એ કહેવું વાજિબ બની જાય છે કે, ઈમામતનો શરફ અને નસ્સો તૌફીકનો તાજ ઉપર ઝિક્ર થયેલા બનાવટી ઈમામોના સર પર જો ના હોય તો અલ્લાહતઆલા તરફથી ઉતરનારી **ઇલ્મી નહેરો સુકાઇ જાય છે અને તાઇદના તમામ રસ્તાઓ બંધ થઇ જાય છે.** ઈલાહી તઅલ્લુકાત ખત્મ થઈ જાય છે. ઈમામત એ સાહેબમાં સાબિત થાય કે, જેની નસ્લે અત્હરમાં આજે યા કાલે, મુનાસિબ વક્ત પર ઉમ્મતની સરદારી લખાયેલી હોય અને તેના અસરાત વક્તન-ફ-વક્તન અહલે દુનિયા દરમિયાન માઅલૂમ પડતા હોય.

જે વક્ત હમારા પાઁચમાં ઈમામ મૌ.અબૂ અબ્દિલ્લાહ જાઅફર અસ-સાદિક (અ.સ.) ની ઔલાદમાં જ હક્કની ઈમામત હોવાનું સાબિત થઈ ગયું અને હમેં જોયું કે, આપના ફરઝંદ મૌ.ઈસ્માઈલ અલ-વફી (અ.સ.) ના અકબ-નસલ-ઝુર્રીયતમાં જ ઉમ્મતની સરદારીનો વુજૂદ છે અને ઝમાનએ હાલ તક તેમાંથી જ અઈમ્મતે હક્ક, **બાવાજી પછી દીકરા, એમ સિલસિલો જારી છે,** તો પછી આપની બીજી ઔલાદમાં ઈમામતની નેઅમત બાકી ના રહી શકે ! બીજી તમામ ઔલાદનો ઈમામતનો દાઅવો બાતિલ ગિનાઈ અને તેઓની નસલો ઈમામે હક્કથી ખાલી ગિનાઈ, ફક્ત એક આમ ઈન્સાની નસલમાં તેઓનો શુમાર થાય. ✫

**ઝમીનને ઉપર જન્નત છે અને તેના નીચે જહન્નમ છે.**

**૨૯ માં સિરાજુમ્મુનીર, શહીદે આઅઝમ**

**સૈ.વ.મૌ. અલી શમ્સુદ્દીન બિન સૈ.ઈબ્રાહીમ બિન સૈ. શૈખ આદમ સફીયુદ્દીન સાહેબ (આ.કુ.)**

**તારીખે શહાદત : ૨૩ ઝુલ કાઅદહ ૧૦૪૬ હિ., અહમદાબાદ**

**૪૦૦ સાલ શહાદતે પુરમલાલ**

યે તૌફીક હમ કો અતા કર ઈલાહી, ઝબાઁ પર તેના નામ લાતે રહેંગે,
તરાને તેરી પાક હમ્દો સના કે, ઝમાને કો યૂઁ હી સુનાતે રહેંગે.
જો હાદી હે ઔર દાઇએ હક્ક હમારે, શહાદત હુઇ વો ખુદા કે હે પ્યારે,
બરસ ચારસો બાઇસે ફખ્ર હે યે, સદા ઉર્સ ઉનકા મનાતે રહેંગે.
યે જાએ મઝારે શહે શમ્સુદીં હે, ઝિયારતગહે મુમેનીં બિલ-યકીં હે,
યહીં હમસરે અરઝે ખુલ્દે બરીં હે, ફરિશ્તે યહાઁ આતે જાતે રહેંગે.
નહીં હે ઝમાને કે તાઅનો કી પરવાહ, હમારે લીએ સજદાગાહ હે યે દરગાહ,
જિબીને અકીદત તેરે દરપે અય શાહ, ઝુકાતે રહેં હૈં, ઝુકાતે રહેંગે.
હે બાતિલ કે લોગોં કી રસ્મેં મિટાઇ, જો પાકીઝા તહેઝીબ થી વો સિખાઇ,
તેરી યાદ હમને હે દિલમેં બસાઇ, તુઝે હમ સદા યાદ કરતેં રહેંગે.
અદબ સે યહાઁ પર ઝુકાએંગે હમ સર, ચઢાએંગે તુરબત પે ફૂલોંકી ચાદર,
ઈસી આસ્તેને સે હોગા મયસ્સર, ઈસી આસ્તાને સે પાતે રહેંગે.
બલંદ હોંસલા હે શહે ઝકીયુદીં કા, રગો મેં હે ખૂં ઝિયાઉદીં, નૂરૂદીં કા,
હે દસ્તે કરમ નાઇબે શમ્સુદીં કા, હમ આઁખો સે અપની લગાતે રહેંગે.
ખુદાને હે બખ્શી તુમ્હેં ઇલ્મો હિકમત, અતા કી હે હક્કને તુમ્હેં વો બસીરત,
ભરી ખૈરો ખૂબી સે યે કારે દાઅવત, ચલાત રહેં હૈં, ચલાતે રહેંગે. ✮

## અપને દાઈ કી

સમઝ મેં આ ગઇ ક્યૂંકર હકીકત અપને દાઇ કી,
ખુદા કા લુત્ફ હે હર શાનો અઝમત અપને દાઇ કી.
ઝમાને મેં જહાઁ અપને સહારે તૂટ જાતેં હૈં,
વહીં તસ્કીન દે જાતી હે નિસ્બત અપને દાઇ કી.
હકીકત કી નઝર સે દેખ લો અય દેખનેવાલોં,
દિખાતી હે અસર ક્યા ક્યા મોહબ્બત અપને દાઇ કી.
ખુદા કે ફઝલ સે હમ કો સઆદત યે ભી હાસિલ હે,
નઝર કે સામને રહેતી હેં સૂરત અપને દાઇ કી.
મૈં સમઝૂંગા સહારા ઝિંદગી કા મિલ ગયા મેરી,
ઇધર હો જાએ ગર ચશ્મે ઇનાયત અપને દાઇ કી.
અય મુમિન, ક્યૂં ભટકતા હે ઝમાને ભર કી ગલીયોં મેં,
તુઝે બસ કામ આએગી હિદાયત અપને દાઇ કી.
હકીકત કો બયાઁ કરતેં હૈં ઝાહિર ઔર બાતિન કી,
દરે જન્નત પે લે જાએગી ઉલ્ફત અપને દાઇ કી.
ગુનાહોં સે ભરા હે દફતરે આઅમાલ હમ સબ કા,
રહેગી સાથ મહેશર મેં શફાઅત અપને દાઇ કી.
શહે હાતિમ ઝકીયુદ્દીન મૌલા હક્ક કે હાકિમ હે,
ખુદા સે હોગી કુરબત, ગર હો કુરબત અપને દાઇ કી.
ઝમીનો આસ્માઁ કે ઝર્રોં મેં ઝિક્રે શહે દીં હો,
રહે અન્વર, રહે અફઝલ, યે મિદહત અપને દાઇ કી. ✮

**ઝમીનના હરએક ઝર્રામાં જાન છે.**

**ઝમીનને હમારો ઘમંડ-તકબ્બુરી પસંદ નથી.**

## દામને જેહાદ

અલ્લાહતઆલા હમને એ તરહથી મદદ કરે કે, હમેં ઈન્સાન છે અને હમેં હમારી પૈદાઈશની હકીકત જાણી શકીએ, પહેચાની શકીએ, એવા અસ્બાબો રસ્તા મુહય્યા કરે. જે વક્ત હમ ઈન્સાનના જિસ્મનો રિશ્તો આ દુનિયા સાથે હોય અને નફ્સો જાનનો રિસ્તો રૂહાની આલમ સાથે હોય, તે વક્ત આ દુનિયાના તકાઝા, હાજિતો, ઝરૂરીયાતો હમને આલમે ફાની તરફ ખેંચે છે અને તે જ વક્ત હમારી જાનની ઝરૂરીયાત અને બલંદ થાવાની ખ્વાહિશના સબબ તે હમને આખેરત-આલમે મલકૂત-આલમે બાકી તરફ કશીદગી પૈદા કરે છે.

આ ફાની દુનિયા અને બાકી આખેરતની રસ્શાકશીમાં ખેંચાઈ રહેલા હમ ઈન્સાનોના ત્રણ ભાગ પાડવામાં આવા છે :

(૧) હમારામાંથી એવા લોગો છે જેઓ દુનિયાની ખ્વાહેશાત, ઐશ, ઝીનત, આરામ, લાલચ, હિર્સ, હસદ, તકબ્બુરીમાં જકડાયેલા રહે છે. જેના બુરા અસરાતથી તેઓ નફ્સે અમ્મારહ-નફસે શહવાનીયહ યાઅની શયતાની હવસ અને શહેવતો તરફ વલતા જાય છે.

(૨) હમારામાંથી એવા લોગો છે જેઓ દીનદાર, મઝહબી, અમાનતદાર અને પાકીઝા ઝહેનના છે. તેઓ દુનિયાના મકરો દગાને જાણે છે. દીનને પહેલા રાખે છે અને દુનિયાને પાછલ રાખે છે અને તેમાંથી ઝિંદગી ગુઝરવા થોડું લઈ લે છે. તેની મોહ-જાલમાં સંપડાતા નથી. પોતાની અક્લથી નફસને બરાબર કબ્ઝામાં રાખે છે.

(૩) હમારામાંથી એવા લોગો છે જેઓ દુનિયા અને આખેરતના દરમિયાનમાં રહે છે, અધ્ધર લટકાયેલા રહે છે. તેઓ નૈકી અને બદીને ભેલ-સેલ, ખલત-મલત કરી દે છે, સવાબ અને અઝાબની હદ જાણતા નથી. ખરા અને ખોટા બેવેને અપનાવે છે, યાઅની તેના વચ્ચેનો તફાવત જોઈ શકતા નથી.

આવા નાઝુક હાલાત કે, જેમાં થિયેટર, ફિલ્મો, ઈન્ટરનેટ, જાહેરાતો, મલ્ટી-મીડિયા, ગેમ્સ, સોશીયલ મીડિયા, ગૈર-ઝરૂરી માહિતી, ખોટા દાઅવાઓ વગૈરહ પોતાનું ઝહેર ઓકે છે અને તેની ઊલટીની બદબૂ હમારા મોબાઈલની સ્ક્રીન પર માઅલૂમ પડે છે, તો હમારા પર લાઝિમ બને છે કે, **હમેં ખુદને અને હમારી ફેમિલીને સાચવીએ.**

આ માહૌલે બદઅત્વારીમાં હમારા પર ઝરૂરી બને છે કે, હમેં તે આલમે રૂહાની તરફ હમારા આઅમાલો અફકારને મરકૂઝ કરીએ તેને ઢાલી દઈએ, જેથી હમેં હમારી નાપાક નફ્સે અમ્મારહ ઉપર પૂરેપૂરો કાબૂ હાસિલ કરી શકીએ. શહેવત, ખ્વાહેશાત અને બિન-ઝરૂરી તમન્નાઓને કાબૂમાં રાખવાનો એક રસ્તો એ છે કે, હસદ-હિર્સ-ગુસ્સો હમારી તબીઅત-વહેવારમાં ઓછામાં ઓછો થઈ જાય, શરીઅતના ફરમાનોનું પાલન કરતા થઈ જઈએ, નબી સાહેબ (સ.અ.વ.વ.) અને આપના અહલ તરફથી હિદાયાત આપવામાં આવી હોય, તેને વિલગી રહીએ.

આ ફાની દુનિયાના લોગોમાં કેટલાક એવા છે કે, જેઓ હમેશા ઐશ-ઈશરતમાં જ ડૂબેલા-રચાપચા રહે છે. તેઓને દીનદારી કે શરીઅતગુઝારી સાથે લેશ-બરાબરનો પણ વાસ્તો હોતો નથી. બદી, શયતાનીયત અને ફિત્ના તરફ જ પોતાનું ધ્યાન હોય છે. નૈકીના કરનારાઓ અને ભલાઈનો હાથ પકડનારાઓ આવા બદીન, બેહયા અને બદકાર લોગોથી દૂર જ રહેવાનું પસંદ કરે છે. તેઓ એમ તસ્દીઅ લે છે કે, શાયદ કે, એવા બદગુમાન લોગોની સોહબતના સબબ તેઓ પર કઈ દાગ ના લાગી જાય યા તેઓનું નામ એ બેશરમો સાથે જોડાઈ ના જાય. લેહાઝા, તેઓ એવા બદનામ લોગોથી પોતાની ઝાતને જુદી પાડી દે છે અને હાથોને જાણે કાપી જ નાખે છે. **જેઓ આમ કરે તેઓને જેહાદ કરનાર મુજાહેદીન કહેવાય છે.**

(બકીયહ પેજ નં. ૨ પર)

**ઝમીન એને પસંદ કરે છે જે એના ખુદા વાસ્તે ઝુકી જાય.**

# કુરઆને કરીમ પઢનારાઓ

ઈલ્મ નૂર છે અને તમામ ઊલૂમ-ઈલ્મોના સરચશ્મા-મંબઅ કુરઆને કરીમ છે. કુરઆન જે હકીકી નૂર છે, તેમાંથી અન્વારની નહેરો વહે છે. આ નૂરના સિલસિલાના માતહત જ કુરઆન, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દિલ પર નાઝિલ થયા. આપ જો તમામ અંબિયાના સરદાર હોય તો આપ પર ઉતરનારા કુરઆન પણ તમામ કિતાબોના સરદાર હોય જ. આપના કલ્બ-દિલનો હરએક ઝર્રો નૂર જ છે અને આપની ઝબાને મુબારક કે, જેના રસ્તાથી કુરઆની આયતોની તિલાવત થાતી હોય, તે પણ નૂર જ છે. આપના ઘરના તમામ અહલ કે, જેઓએ આપની ઝબાનીથી કુરઆનને સાંભલા, તેઓ પણ નૂર છે અને જે લોગોએ આપના અહલુલ બૈતની માઅરેફત રાખી એ મુમેનીન પણ નૂર જ છે. કુરઆને કરીમ પઢનાર મુમેનીનની શાન કઈ તરહ બલંદ હોઈ શકે, તે વાસ્તે ના મુખ્તસર નિકાત નીચે મુજબ છે :

(૧) એ શખ્સ કે જે ઈમાનદાર હોય, મુમેનીનની જમાઅતમાંથી હોય, ઝબાન-દિલ-હાથ એક જ જેવો અમલ કરતા હોય, અહલુલ બૈત (અ.સ.) ને બોલતા કુરઆન માનતા હોય, આ સાથે રોઝ કુરઆને કરીમની તિલાવત કરતા હોય, તો એ **લીમૂન (લિંબુ)** જેવા છે. લિંબુનું ફલ તમામ જગે દસ્તયાબ હોય છે. તેની ઝરૂરત હર કોઈને પડે છે. તેની બૂ-સ્મેલ (સુગંધ) દિલખુશ હોય છે અને તેનો ઝાયેકો પણ મઝેદાર અને દિલપસંદ હોય છે. તે જમવા કે પીવાના ઝાયેકામાં નવી તરાવત લાવે છે. મુમિનની કુરઆન સાથેની કુરબત પણ એવી છે કે, એ જે જગા પર હોય છે, બીજાને ફાયદો અને ખુશી જ આપે છે.

(૨) એ શખ્સ કે જે મુમિન હોવાનું જતાવે તો ખરા મગર કુરઆન સાથે એને કોઈ જ નિસ્બત ના હોય. એનું ઈમાન કાચું અને કમ્ઝોર કહેવાય. મુમિનના તે આઅમાલ જે કુરઆન સાથે વાબિસ્તા હોય અને જો એ કુરઆનથી જ અલગ થઈ જાય, તો પછી એના તે આઅમાલની કમાલીયત અને પાકીઝગી નું શું ? ઈમાન અગર જિસ્મ છે તો કુરઆને કરીમ તેની એવી નસો-રગો છે જે તૌહીદના ખૂનને જિસ્મના હર ઝર્રામાં પહોંચાવે છે. જે શખ્સ રગોને જ કાપી નાંખે તો પછી ઈમાની જિસ્મના આઅઝાઓની સેહત કઈ તરહ બરકરાર રહે ! મુમિન પાસે જો કુરઆની ઝબાન ના હોય તો એ બોબડો-તોતરો છે. કુરઆનને ના પઢનાર મુમિન **ખજૂર** જેમ છે કે જેની કોઈ બૂ (ગંધ) હોતી નથી, મગર ઝાએકામાં તે મીઠી હોય છે.

(૩) એ શખ્સ કે જે મુમિનથી બિલકુલ ખિલાફ હોય, મુનાફિક હોય, ઝબાન પર આપ અને દિલમાં પાપ હોય, ડંખ મારનાર લીસો ખૂબસૂરત સાંપ હોય, બેમોહ્યો હોય, મીસાકો મીઆદને તોડનાર હોય અને સાથે કુરઆન પઢનાર હોય, તેને પઢવાના સબબ થોડો વક્ત સીધો રહે અને પછી આડો થઈ જાય, ગમે તે વક્ત એના ઝબાન અને મિઝાજનું રૂખ બદલી નાંખે, આમ કરીને ખુદને ધોકામાં નાંખનાર હોય, એ **રયહાના** મુજબ છે. તેની બૂ તો અચ્છી હોય મગર ઝાએકો કડવો હોય. બહેતર ખુશ્બૂ કઈ કામ લાગે નહીં, જહાઁ તક ઝાએકો બરાબર ના હોય.

(૪) એ શખ્સ કે જે કાઝિબ, તંગદિલ મુનાફિક હોય, ફિત્ના-ફસાદને ચાહનારો હોય, હક્કને છીનનાર અને હક્કના લોગોને તોહમત દેનાર હોય, બદબખ્ત અને બેશરમ હોય, બદકલામી એની ઝબાનનો તરીકો હોય, સૂરત રહેમાની હોય મગર સીરત શયતાની હોય, એવો શખ્સ જો કુરઆન ના પઢે તો એ **કડવા એલચા** જેવો છે. આ કડવા ફલની તખ્લીક એવી હોય છે કે, તેમાં ના તો બૂ હોય છે ના ઝાયેકો હોય છે. તેની કડવાશના લીધે તે બદનામ છે, ઝલીલ છે.

અય મુમેનીન ! હમારી પૈદાઈશ ખૂબ જ આઅલા છે. હમારા હર લહેજા અને રવૈયામાં ખુશ્બૂ, નૂર અને મોહબ્બત ઝલકી ઉઠે છે. હમારા દુનિયાવાલાને પૈગામ જ સચ્ચાઈ, સબર અને ઈખ્લાસનો છે. આ સબક હમને કુરઆને કરીમ સિવાય બીજી કઈ કિતાબ આપી શકે છે. લેહાઝા, મુમિન વાસ્તે લિંબુની મિસાલ જે આપવામાં આવી છે તે બિલકુલ બજા છે. હમને કુરઆનની તિલાવત કરવા સિવાય કોઈ છુટકો જ નથી. તે હમારી ઝિંદગીનો એક અતૂટ (બકીયહ પેજ નં. ૧૧ પર)

**ઝમીન પર જે ગુઝરી ચુકેલું છે તે પાછું થાશે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

આ તરહ મુખ્તસર ખુલાસએ કલામ તે છે કે, ઈન્સાનને વાસ્તે આ એક એવી જામેઅ કિતાબે હિદાયત છે કે, **દુનિયામાં આનાથી બહેતર, બરતર અને અફઝલ કોઇ કિતાબ જ નથી** કે, જે ભારી છે પણ મુખ્તસર છે અને આલમ-ભરના તમામ ઈલ્મની શાખો પર હાવી છે.

(૩) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શખ્સીયત અને આપની ઝાતે અકદસ બાલા અને બલંદ છે : આપની ઝાતે મુતહહર ખોલોકે અઝીમ (બહેતરીન અખ્લાક) ની જામેઅ છે. હર બદી અને બુરાઈથી પાકો સાફ અને પૂરી ઝિંદગી આઈનાના જેમ શફ્ફાક, કૌલો અમલમાં કુલ્લી તૌર પર કામિલો ફાઝિલ, એવા ફલસફે કાર જેમ નહીં કે, વાતો તો મોટી અને મીઠી કરે પણ આઅમાલમાં એ બદકિરદારી પર હોય અને હર ગુનાહો પર સવાર હોય.

આપ નબી સાહેબના સીરતો કિરદાર પર આજ તક કોઈ આંગલી ઉઠાવી નથી શકું. ઈબાદત અને ઝોહાદતમાં આપની મિસાલ પર કોઇ નથી. ઈલ્મો ફઝલમાં કોઇ હમસર નથી. આપના ઝમાનના તમામ આલિમો કરતા પણ બહેતરો બરતર આપ છો. વાઅદાના સાચા, અમાનતના મુહાફિઝ, **હક્કતઆલાના મહેબૂબ અને મોઅતમદ,** બીજી કૌમના લોગોમાં બાઈઝઝત અને મોઅતબર, હક્કતઆલાની કઝા-કદરથી વાબિસ્તા, દુનિયા અને તેની હિર્સો તમાઅથી કોસો દૂર, હર વાત હિકમત પર મબ્ની, હવસ અને બેજા તલબથી જુદા, ગુરૂર-તકબ્બુરી-ખુશામદ અને દીગર બદીથી કલ્બી તૌર પર પાક, જેથી હક્કતઆલાને કુરઆનમાં ફરમાવવું પડું કે, આપ ખોલોકે અઝીમ પર છો. આપ નબી સાહેબના અખ્લાક કુરઆનમાં એક ઈન્સાને કામિલના અખ્લાકથી મૌસૂફ અને મુત્તસિલ છે. ✰

---

(પેજ નં. ૫ નું બાકી)

**વલઝઝાલ્લીન.** " "અય પરવરદિગારે આલમ ! તું હમને સીધા રસ્તા પર ચાલવાની હિદાયત બખ્શ. એ મુમેનીનનો રસ્તો કે, જેના વાસ્તે તુંએ નેઅમતોને ખાસ કીધી. દરજાત બખ્શા. બીજા કરતા ફાઝિલ બનાવા. જેઓ તારી ખુશી વાસ્તે ઝિંદગી ગુઝારે છે . એ તમામ મુમેનીનથી તું હરગિઝ નારાઝ નથી થયો અને રસૂલુલ્લાહ બાવાજી અને આપની આલનો ઈન્કાર કરીને ગુમ્રાહ પણ નથી થયા. તારો ગઝબ તેઓના ઉપર છે કે, જેઓએ મૌ.મૂસા કલીમુલ્લાહ ને પોતાના આખિરી નબી માની લીધા, જે ગલત હતું, **તેઓ કૌમે યહૂદ બની ગયા.** એ જ મુજબ તારો ગુસ્સો તેઓના ઉપર છે કે, જેઓએ મૌ.ઈસા રૂહુલ્લાહને પોતાના આખિરી નબી માની લીધા, જે ગલત હતું, **તેઓ કૌમે નસ્રાની બની ગયા.** અય પરવરદિગાર ! આ બેવે ગુમ્રાહ કૌમમાં હમેં નથી, લેહાઝા, હમ મુમેનીનને તું હર વક્ત સિરાતે હક્કની હિદાયત દેતો રહેજે."

આ કુરઆની આયતને જો કોઈ ઈમાનદાર **રોઝ ૧૧૦** વાર ફજેરે વુઝૂની હાલતમાં, કિબ્લા રૂખ થઈને, મખ્રજ સાથે, બરાબર નિય્યત સાથે પઢશે, તો અલ્લાહતઆલા એના કલ્બો ઝમીરને રોશન કરશે અને તેમાં ઈત્મિનાન બખશશે અને એ શખ્સ ગુમ્રાહીથી બચીને રહેશે.

---------------

✤ દિવસ અને રાત, મુમિન જે વકત નમાઝ પઢે છે, તો ફરિશ્તાઓ આ અમલે ખાલિસ જોઈને ખુશ થાય છે. આ અમલથી મુમિનને એક ખાસ નફસાની તાકત મિલે છે અને એમાં ફરિશ્તા બનવાની કાબિલીયત પૈદા થાય છે. ✰

---

**ઝમીનથી પૈદા થાનાર આફતો બલીયાત હમને હમારી કબરની યાદ અને ફના થાવાની યાદ અપાવે છે.**

**અલ્લાહતઆલા ઝમીન પર આસ્માનથી પાની વરસાવીને તેને ઝિંદા કરે છે.**

## અપની ઝબાન

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઈ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઈ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઈ ગઈ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :**

હીસ્વો, ઈન્તુગાડી તિન્તુગાડી, જલાપો, ખોટીયું, લંબુસ્તાન.

**નવા અલ્ફાઝ :**

**ઝબાની જમા-ખરચ :** અમલ કીધા બગૈર યા કામ કીધા અલાવા ફક્ત ઝબાનથી બોલી હટી જાવું.

ઈસ્તેમાલ : ભાઈ ! વાતો બહુ કરી રહ્યા. હવે ઝબાની જમા-ખરચ નહીં ચાલે, કામ કરીને બતાવવું પડશે.

**ભાચકો :** એ મુજબ ચાલવું કે બેસવું કે કોઈ ચીઝને નુકસાન થાય કે કોઈ શખ્સને મઝર્રત પહોંચે.

ઈસ્તેમાલ : ઓ ! ભાચકા જિમ ના કૂદ, કઈ મારો પલંગ ના તોડી નાંખે.

**અરૈયો :** ગરમી અને પસીનાથી જિસ્મ પર નાની-નાની ફોલ્લીઓ થાય કે જેમાં ખંજોલ થાયા કરે.

ઈસ્તેમાલ : ઓ માઁ ! તુંને અરૈયો તો જો થઈચ. લાવ ! નાઈસિલ લગાવી દઉં.

**બેદું :** ઈંડા, એગ

ઈસ્તેમાલ : ગરમીમાં તો બેદા કિમ જમાય. મલઈ યા મસ્કો બરાબર છે.

**હીમાએલી :** શક રાખનારી, ઓછું બોલનારી બૈરો

ઈસ્તેમાલ : આને તો કાં વાત કીદી. આતો હીમાએલી છે. ઘરની ઘૂસ છે. એનાસી ઉમ્મીદ રાખવી ફિઝૂલ છે. ✯

---

(પેજ નં. ૯ નું બાકી)

હિસ્સો છે. દિન-રાત હમારી ઝિંદગી તેના સાથે ગુંથાએલી છે. બીજી મિસાલો સાથે હમને કોઈ સરોકાર નથી. હમને હમારી ઝિંદગીની મિસાલ એવી બનાવવાની છે કે, જે હર લેહાઝથી મકબૂલ હોય, કામિયાબ હોય. હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ના ઝિલ્લે હિદાયતમાં જ આ મુમ્કિન થઈ શકે છે. ✯

**ઝમીનની કૈફીયત અને તબીઅત આસ્માની ગરદિશોથી તય થાય છે.**

## રૌઝહ અલવીયહ

યે હે રૌઝહ આલે સફીયુદ્દીં જન્નત,
બરસતી હે સુબ્હો મસા હક્ક કી રહેમત.
યે હે શમ્સુદ્દીં શાહ કા આસ્તાના,
હે આઠોં પહર યાઁ ફરિશ્તોં કી જમઅત.
યહાઁ આબે કૌસર કી નહેરેં હૈં જારી,
હે હયદર કી હરએક જગા પર જલાલત.
ચમકતેં હૈં સીરત કે જૌહર અલી કે,
હુઈ ઝોફિશાં મુમેનીં કી ભી સીરત.
હે રૌઝે મેં ફયલી હુઈ બૂએ જન્નત,
અય સલ્લે અલા ખૂબ હે શાનો શૌકત.
જો આતા હે મૌલા કે ઈસ રૌઝે મેં,
વો જાતા હે લે કર દિલી અપની હાજત.
હયાતી મેં મુશ્કિલકુશા શમ્સુદ્દીં થે,
હે ઉકદાકુશા આજ વો બાદે રહેલત.
ખુદા કી ખુશી મેં હે કુરબાન કી જાઁ,
જો યે ચાહે બસ વો ખુદા કી હે ચાહત.
ઝુલુમ પર ઝુલુમ કો સહા દુશ્મનોં કે,
ન છોડી કભી સબ્ર ઔર હક્ક કી આદત.
કિયા ઝખ્મી મૌલા કા સર, હાય અફસોસ,
પડેગી બડી હક્ક કી કાતિલ પે લાઅનત.
હુએ પૂરે રહેલત કો સાલ ચારસો,
રહે તા-અબદ હક્ક કી અલવી જમાઅત.
મઆજિઝ, કરામત, ઈનાયાતો બરકત,
હે ઝાહિર હરએક શય મેં, મૌલા કી કુદરત.
મચી ધૂમ આલમ મેં હે ઉર્સ શેહ કા,
યાં કસરત સે આએં હૈં, બહરે ઝિયારત.
યે સરકાર હાતિમ શહા કી સજી હે,
સભી સુન રહેં હૈં બયાને શહાદત.
મઝારે અલી પર જબીં કો ઝુકા દે,
મિલેગી અય અન્વર અલી સે હી જન્નત. ✫

---

## સદકાત
### કિસ્ત - ૧ (અપની ઝબાન)

જે વક્ત ઈન્સાનને પૈદા કરવામાં આવો તો એનું જિસ્મ અને જાન બેવે કમ્ઝોર પૈદા કરવામાં આવું. જિમ વક્ત જાતા એના જિસ્મમાં બિગાડ પૈદા થાઈચ તિમ જાન-નફસની કૈફીયત પન એ જ મુજબ છે. એનો સબબ એ છે કે, તેના જાનમાં મ્હોટાઈ-તકબ્બુરીનો માદ્દો અને ઉન્સુર છે. આ ઘમંડસી ઈન્સાન શોહરત, તાઅરીફ, બડાઈને પસંદ કરેચ. એ ચાહેચ કે એના હર જગે ચાહકો હોવા જોઈએ. એનો મકસદ બીજા ઉપર ધાક જમાવવાનો, રોઅબ ઊભો કરવાનો અને એના તરફ બીજાની મોહતાજગી ઝાહિર કરવાનો હોઈચ. આવા લોકો બીજાને ઝલીલ કરવાના ચક્કરમાં પોતે કામિયાબ પોતે થાતા નથી. ઘની જ ઝાહિર વાત છે કે, નૈકનામી કામ કરીને બતાવનાર વાસ્તે હોઈચ, ના કે ફક્ત બોલનાર વાસ્તે. અલ્લાહતઆલા તરફસી જઝા આમિલ-અમલ કરનાર વાસ્તે છે મગર કાઈલ-બોલનાર વાસ્તે નથી.

હમ્દો સનાના, તાઅરીફના મુસ્તહિક્ક તો એ લોકો છે જે પોતાના માલને ફક્ત પોતાનો નથી સમઝતા મગર **અલાહેદા-અલાહેદા લોકોને તેમાં હિસ્સેદાર-હક્કદાર માનેચ.** આમાં રાહે ખુદામાં ખર્ચ કરવું, યતીમો-ગરીબોને આપવું, બેવા અને તન્હા શખ્સની મદદ કરવી, કૌમમાં ઈલ્મી અને તબીબી ઈદારાઓ વાસ્તે માલ વકફ કરવો અને હાજિતમંદોની ઝરૂરતોને પૂરી કરવી વગૈરહ બિલ-જુમ્લા તમામ કારે ખૈરમાં શામિલ છે.

ઘના હિવા દૌલતમંદ શખ્સો છે જે બીજાને થોડી મદદ કરીને ધાક જમાવેચ અને તાઅરીફ કરવા પર કમ્ઝોર-પસ્ત લોકોને મજબૂર કરેચ. તેઓની દૌલતના અંદાઝાના સામે જે કઈ મદદ કરેચ તે કઈ ના કહેવાય. મગર આમ કરવાસી તેઓની કંજુસાઈ અને નીચપનું ઝાહિર થાઈચ. હિવા લોકોની મિસાલોસી અખ્બારના કિતાબો કાલા થઈ ચુકાચ. પઢનારને તે પઢીને (બકીયહ પેજ નં. ૧૬ પર)

**મૌ.અલી અમીરૂલ મુમેનીન વલીયુલ્લાહ માઁ હમારી ઝમીનના માલિક છે.**

## જાહિલીયતના સખી લોગો – હાતિમ તાઈ
### કિસ્ત - ૨

સફ્ફાનહ જે વક્ત રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ને નઝદીક પોતાના બાવાજી હાતિમ તાઈની સિફતો અને ખસલતો બયાન કરે છે, તો આપ નબી સાહેબ એને ખિતાબ કરીને ફરમાવે છે કે, અય દીકરી ! આ સિફતો તો ખરેખર મુમેનીનની સિફતો છે. મુમેનીનની સીરતો સૂરતમાં આ બધી જ ચીઝો સમાયેલી છે. અગર તારા બાવાજી હમારામાંથી હોતા, મુસલમાન હોતા, અલ્લાહતઆલાની શહાદતનો કલેમો હમારા હાથ પર પઢતા, તો ઝરૂર હમેં એના ઉપર રહેમત બોલતા. અય લોગો ! હાતિમ તાઈની આ દીકરીને છોડી દો, આઝાદ કરીને એને એની રાહ ઈખ્તિયાર કરવા દો. સબબ કે, એના બાવા મકારિમુલ અખ્લાક ને પસંદ કરતા હતા. **ભલાઇ, નૈકી અને ખૈરખ્વાહી પર ચાલનાર હતા. મોહતાજો પર નઝરે લતાફત રાખનાર હતા.**

આપ નબી સાહેબે ઔર મઝીદ ફરમાવું કે, નૈકી કરનાર શખ્સ અલ્લાહનો અઝીઝ હોય છે, એના ઉપર રહેમત હમેશા રહે છે. જે શખ્સ ઝલીલ હોય છે, તેના વાસ્તે અલ્લાહ ચાહે છે કે, એ અઝીઝ બને. ગની-દૌલતમંદ શખ્સ વાસ્તે અલ્લાહ ચાહે છે કે, એ મોહતાજ-તંગદસ્ત બને તે પહેલા એના દિલમાં એ મુજબ ઈન્કેલાબ આવે કે, એ મખ્લૂકની ભલાઈ વાસ્તે અને રાહે ખુદામાં ઈન્ફાક કરવા વાસ્તે તૈયાર થાય. આલિમ શખ્સ વાસ્તે અલ્લાહ ચાહે છે કે, એનું ઈલ્મ બાકી રહે. લોગો એનાથી ફાયદો હાસિલ કરે. જાહિલો દરમિયાન તે ઝાયેઅ ના થઈ જાય. લોગો એની કદર કરવાની બજાય નાકદરી ના કરે. તે વાસ્તે અલ્લાહ એ આલિમના ઈલ્મને નશર કરવાના અસ્બાબ મોહય્યા કરે છે, રસ્તાઓ ખોલી આપે છે.

પછી આપે એ દીકરી પર અહેસાન કરીને એને છોડી દીધી. આ લતાફતો કરમ જોઈને સફ્ફાનહએ આપની હઝરતે મોહંમદીયહમાં અરઝ કીધી કે, આપ એના વાસ્તે દોઆ ફરમાવે અને રઝા તલબ કીધી કે, એ પોતે એની કૌમ વાસ્તે સબબે હિદાયત બને. આપે એને રૂખ્સત આપી અને અસ્હાબ તરફ મુખાતિબ થઈને ફરમાવું કે, **" અલ્લાહતઆલા જેના સાથે ખૈરનો ઇરાદો કરે છે એને હમારા સાથે મિલાવી આપે છે અને હમારા કલામથી એનું દિલ મુનવ્વર થાય છે. "** સફ્ફાનહએ કહ્યું કે, હમારા પર ફરઝ છે કે, હમેં આપના કલામને બરાબર સાંભલીએ અને પછી યાદ રાખીએ. હમારા પર આપની ભલાઈ અલ્લાહતઆલા તેની જગા પર પહોંચાવે અને હમારી હાજિતને હમેં આપના સિવાય કોઈને નઝદીક રૂજૂઅ ન કરીએ. આપ જે મુજબ કરીમો રહીમ છો અને આપની ઉમ્મત વાસ્તે નેઅમત છો, તે જ મુજબ કોઈ રઈસે કૌમ હોય અને આપના મુજબ કરીમો રહીમ હોય, તો અલ્લાહતઆલા એના નેઅમતને એની કૌમ પરથી હરગિઝ રદ્દ ન કરે.

જે વક્ત નબી સાહેબે સફ્ફાનહને છોડી દીધી, તો એ પહેલામાં પહેલા પોતાની કૌમ તરફ ગઈ અને આપની કરમબખ્શી, જલાલત અને કરામતની બયાની લોગોમાં કીધી અને આપના દીને હક્ક તરફ દાઅવત દીધી. પછી એ પોતાના ભાઈ અદી પાસે ગઈ કે, જે દૌમતુલ જુન્દુલમાં રહેતો હતા. અદીને પૈગામે દીને હક્ક પહોંચાવો અને કહ્યું કે, “અય મારા ભાઈ ! તું એવા શખ્સની જાલમાં ના ફસાજે જે નાશુક્રો અને અહેસાનફરામોશ હોય. તારા આસપાસના લોગો તુંને ગુમ્રાહ કરી દેશે. મૈં તુંને નૈક મશ્વરો આપું છું કે, મૈં એને જોયેલા છે. એ હુરમતવાલા છે, અક્લવાલા છે. એની આઁખોમાં હયા છે, એના કલામમાં હિદાયત છે. કરીબ છે કે, એનો ગલબો તેઓના પર થઈ જાશે કે, જેઓ આજે બીજા પર ઝુલ્મ કરીને નાહક્ક કબ્ઝો જમાવેલો છે.” ✫

---

**હમારા પગોમાં એટલી તાકત નથી કે, હમેં ઝમીનને ચીરી શકીએ યા પહાડો પર ચઢી શકીએ.**

**હમેં ઝમીન પર આઅમાલ કરવા વાસ્તે છે અને તે પણ ખૈર.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૩૨
## અલવી અકીદાઓ - અકીદો - ૫૧

**અકીદો - ૫૧ : રસૂલના મોઅજિઝહ બાબતમાં :**

હમેં આ અકીદો સરે તસ્લીમ કરીએ છે કે, મોઅજિઝો વાકેઅ થાવું એક હકીકત છે જેનાથી કોઈ ઈન્કાર નથી અને રસૂલો શરીઅતે ખુદાને ઝાહિર કરવાના વક્ત મોઅજિઝાઓ આશ્કાર કરે છે, જેથી ઈતાઅત-પૈરવીના અકીદામાં કમાલીયત-મઝબૂતી થાય.

આમાં ત્રણ કિસ્મો છે :

(૧) ખલ્કે આદત : આ તે લોગોને બતાવવામાં આવે છે કે, જેઓ રસૂલના ઈન્કાર કરનારા હોય અને મોઅજિઝહથી એમની તસ્દીક કરે. સાચું માનવા તરફ વલે.જેમકે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દુશ્મનો અબૂ લહબ, અબૂ જહલ, અબૂ સુફીયાન જેવા ઝિદ્દી, હઠીલા, મુતકબ્બિર અને બદ્દીનોના મુતાલેબા પર એમના શર અને ફસાદથી બચવા મોઅજિઝહ બતાવવામાં આવા છે. જેમકે, શક્કુલ કમરનો મોઅજિઝો, કાંકરા નો કલેમતુશ્શહાદત પઢવાનો મોઅજિઝો, દરખ્તનું તેની જગા પરથી ચાલીને આવવું અને પાછા જાવું, ગુરૂબ થયેલા સૂરજને મગરિબ માંથી નિકાલવો, ઝલઝલાને ઠંડો પાડવો, બારિશ અને સૈલાબની શિદ્દતને રોકી લેવી, પરિંદ-ચરિંદ ને ઝબાનથી બોલાવવા, તે મોઅજિઝાઓ છે કે, જેથી દુશ્મનોની ઈઝારસાની, સતામણી અને મકરો ફરૈબ કમ્ઝોર થઈ જાય છે. **આનાથી કમઅક્લ, અહમક લોગોના નઝદીક રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ફઝીલત, બરતરી, બલંદી અને ફૌકીયત ઝાહિર થાય છે.** કેમકે, આ કુંદઝહેન અને બેવુકૂફ લોગો કાનૂને તબીઅત યા રોઝમર્રાના ફિતરત અને કુદરતના આઅમાલને ખિલાફ કોઈ વાત જોઈ છે તો હૈરતઝદા થઈ જાય છે અને રસૂલની રિસાલત તેમ નબીની નુબૂવતને તસ્લીમ કરી લે છે.

(૨) કિતાબ : યાઅની કે, કુરઆને કરીમ કે, જેને રસૂલે નાઝિલશુદા વહ્યથી કલામુલ્લાહની હૈસીયતથી લોગોમાં પૈશ કીધા અને ઝમાનના અરબો અજમના ફસીહો બલીગ લોગોને ચેલેન્જ આપી કે, આ મિસિલના કોઈ કુરઆન યા તેના જેવી કોઈ આયત તો લઈ આવો. તમામના લબ બંધ થઈ ગયા, આજિઝ થઈ ગયા અને તેનો કોઈ જવાબ લાવી ના શકા. જો તે ઝમાનના અરબી ઝબાન પર ફસાહત-બલાગતના લિહાઝથી રૂસૂખ, પહોંચ, બુલૂગ રાખનારાઓ અગર આ મિસિલના કુરઆન લાવતા તો તે અરબસ્તાનના અદીબ લોગો (અરબી અદબના જાણકાર) વાસ્તે જ હોતા, કેમકે તે એમની ઝબાનમાં નાઝિલ થયા. તેથી બીજાને તેમાં કોઈ દિલચલ્પી ના રહેતી. પણ ગૌરતલબ વાત એ છે કે, આ એક હકીકી મોઅજિઝહ છે કે, જેનો અંદાઝે બયાન, નુદરતે મઝામીન, ઈહાતતે ઊલૂમ, તખ્લીકે કાએનાત અને ઉમ્મતો-કૌમોના માઝી - હાલ - મુસ્તકબિલના હાલાત અને મજમૂઈ બયાન, તૌહીદે હક્કતઆલાના નિકાત, ઈન્સાની અખ્લાકી તાઅલીમાતના સબકો, સાયન્સી માઅલૂમાત, અક્લ-નફ્સ-જિસ્મની હકીકત, મબ્દઅ-મઆદની કૈફીયત અને આલમે તબીઅતથી જુદા હાલાતે કાએનાતની બયાની, હક્કતઆલાના અસ્માએ હુસ્ના, તેની ખિલ્કત-કુદરત-અઝમતની ઝિક્ર, ઝિંદગી-મૌતનો ફલસફો, મૌત બાદની હયાતે અબદીનો નઝરીયો, તખ્લીકે ઈન્સાન અને એની જાનની કમાલીયતની હકીકત, એના રબ્બ અને ઈલાહ હોવાના દાઅવાનું બુત્લાન (જુઠ્ઠાણું), ખુદને ખુદા માનવાવાલાઓની ફઝીહત, મઝમ્મત અને તરદીદ, હક્કતઆલાની બેશુમાર નેઅમતો, રહેમત અને મૌત બાદના સવાબો-અઝાબની ઝિક્ર.

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**ચૌમે કેયામત જેમ જેમ કરીબ થાશે, તેમ તેમ તેમાં ફિત્નો ફેલાવનાર વધતા જાશે.**

## નૌહા : હમ-શબીહે પયગમ્બર, મૌ. અલી અકબર (અ.સ.)

શેહને કહા બતા દો અકબર કી ક્યા ખતા થી,
બાનૂ કે લાડલે કો કિસ જુર્મ કી સઝા દી.
અકબર સે નૌજવાઁ કો તુમ કિસ ખતા પે મારા,
ગોયા કે મુસ્તફા પે તુમને સિતમ ગુઝારા,
બાનૂ કા લખ્તે દિલ થા, ઝયનબ કા થા વો પ્યારા,
અરમાઁ ન નિકલા ઉસકા, પુર-અરમાન વો સિધારા.
અરમાઁ ભરા વો મેરા અકબર કી ક્યા ખતા થી,
બાનૂ કે લાડલે કો કિસ જુર્મ કી સઝા દી.
અરમાઁ થા માઁ કા મેરા દુલ્હા બનેગા અકબર,
હાથોં મેં મહેંદી હોગી, સહેરા બંધેગા સર પર,
મસ્નદ બીછેગી ઘરમેં બેઠેંગે ઉસ પે સરવર,
અય ઝાલિમો યે બાનૂ કહેતીથી પીટ કર સર,
ઉસ નૌજવાન મેરે દિલબર કી ક્યા ખતા થી,
બાનૂ કે લાડલે કો કિસ જુર્મ કી સઝા દી.
અય ઝાલિમો વો નાના અહેમદ કી થી નિશાની,
અફસોસ કદર ઉસકી તુમને ન કભી રખ્ખી,
પ્યાસા હી મારા ઉસકો પાની ન દીયા તબ ભી,
લૈલા યે કેહ રહી હે રો-રો કે મેરે જાની,
શેહને કહા બતા દો અકબર કી ક્યા ખતા થી,
બાનૂ કે લાડલે કો કિસ જુર્મ કી સઝા દી.
અકબર કી લાશ પર યે શેહને કહા અય દિલબર,
માદર બુલા રહી હે ઉઠકર ચલો તુમ અબ ઘર,
ઝયનબ યે કેહ રહી હે બાંઢુંગી સહેરા સર પર,
આ જાએ ગર વો મેરા કરીયલ જવાન અકબર,
બતલાવો બેટા અકબર માદર કી ક્યા ખતા થી,
શેહને કહા ખુદાયા અકબર કી ક્યા ખતા થી.
શાહે હલબ કા કાસિદ આયા હે તોહફા લેકર,
ક્યા દૂં જવાબ ઉસકો બતલા અય મેરે દિલબર,
ખુદ આ રહા હે બેટા દુલ્હન કો સાથ લેકર,
મૈં કયા જવાબ દુંગા પૂછેગા જબ વો આ કર,
હમ સૂરતે પયમ્બર અકબર કી ક્યા ખતા થી,
અય ઝાલિમો બતા દો અકબર કી ક્યા ખતા થી.
રખ્ખા હે હાથ તુમને સીને પે મેરે દિલબર,
કૈસા હે દર્દ બેટા મૂઁહ સે કહો અય અકબર,
મારી સિના જો તુમકો થા કૌન વો બદ-અખ્તર,
નાના સે જા કે કહેના અય મેરે અકબર અખ્તર,
હમ ખાનદાન-ઝાદે અકબર કી ક્યા ખતા થઅી,
શેહને કહા બતા દો અકબર કી ક્યા ખતા થી.
લેકર કે લાશે અકબર ખૈમે મેં આએ સરવર,
અય મુજરઈ કહૂઁ ક્યા ઉસ વક્ત કા મૈં મન્ઝર,
લૈલા યે કેહ રહી થી લાશે પે પીટ કર સર,
અરમાઁ ભરા સિધારા અય મેરે પ્યારે દિલબર,
કિસસે કહૂં મૈં જાકર અકબર કી ક્યા ખતા થી,
બાનૂ કે લાડલે કો કિસ જુર્મ કી સઝા દી.
ઝયનબ પૂકારી બેટા સુગરા કા ખત્ત હે આયા,
યસરબ સે બેટા કાસિદ પૈગામ હે યે લાયા,
શાદી મેં તુમને ભય્યા મુઝકો નહીં બુલાયા,
વાઅદે કો તુમને ભય્યા હે હે નહીં નિભાયા,
અય મેરે ભય્યા ખ્વાહર સુગરા કી ક્યા ખતા થી,
અય ઝાલિમો બતા દો અકબર કી ક્યા ખતા થી.
અકબર કી લાશ પર યે કહેતે થે ઈબ્ને હયદર,
અય મેરે ભોલે-ભાલે કરિયલ જવાન અકબર,
ઈન્સાફ હોગા બેટા મહેશર મેં રૌઝે દાવર,
પૈશે ખુદા કહેગી ઉમ્મત સે આકે માદર,
બાનૂ કે માહપારે અકબર કી ક્યા ખતા થી,
અય ઝાલિમો બતા દો અકબર કી ક્યા ખતા થી.
કરબોબલામેં અકબર કી કી થી મૈઝબાની,
હફતુમ સે બંદ સબ પર આઅદા કીયા થા પાની,
શેહ કો બુલાકે મહેમાઁ કૈસી કી મહેમાની,
અફસોસ મરતે દમ તક શેહ કો દિયા ન પાની,
ઐસી તો અય લઈનો સરવર કી ક્યા ખતા થી,
શેહને કહા બતા દો અકબર કી ક્યા ખતા થી. ✫

**ઝમીનના બાતિનમાં અલ્લાહતઆલાએ ખઝાનાઓ છુપાવેલા છે.**

(પેજ નં. ૧૨ નું બાકી)

અફસોસ અને દર્દ સિવાય બીજું કઇ હાસિલ થાતું નથી.

અખ્બારમાં હિવી પન મિસાલો છે કે, જેસી પઢનારના ઝમીર રોશન થઇ જાઇચ અને તેની કિતાબોને ઝિંદગી હાસિલ થાઇચ. સખી લોકો બલંદ હિમ્મતવાલા છે, ઊંચા હોસલાવાલા છે, તેઓના દિલ હમેશા જવાન છે, કિમકે સખાવત કરવા પર **તેઓના દિલ ધડકેચ અને જઝબએ ખિદમતે ખલ્કનું ખૂન જારી રહેચ.** તેઓ જાનેચ કે બીજાને આપવામાં, સખાવત કરવામાં, ઈઝઝત બખ્શવામાં જે દિલી કરાર અને નફસાની લઝઝત છે, તે બીજા કોઈ કામ માં નથી. જે મુજબ દરીયો જોશમાં આવીને તેના પાનીને ઊછાલેચ તિમ જ આ સઘલા પોતાના અમ્વાલ-દૌલતને રાહે ખુદામાં લુટાવવા વાસ્તે જોશમાં આવી જાઇચ.

એક સુખા ખેતરમાં પાની વરસવાસી જિમ ખેડૂતને ખુશી મયસ્સર થાઇચ તે કરતા પન ઝિયાદહ એક સાઈલ-મોહતાજ ના એમના દરવાઝા પર આવવાસી ખુશી હાસિલ થાઇચ. કિમકે, તેઓ ખયાલ કરેચ કે, એક સાઈલનું દર પર સવાલ કરવા આવવું, તલબે રોઝી વાસ્તે આવવું એમની નૈકીઓના ખેતરમાં રહમતે ખુદાવંદી અને સવાબે અઝીમના પાનીઓને વરસાવવાનો સબબ છે, ખેતર તેનાસી જ લીલું થાસે. ✩

## મુબારકબાદ



દીકરા **હમ્ઝાઅલી હુસૈનીભાઇ ગલીવાલા**, ઉંમર : ૧૧ સાલ, શહરૂલ્લાહના ૩૦ અય્યામ યાઅની પૂરા મહીનાના રોઝા રાખેલા છે. હમેં તહે દિલથી મુબારકબાદી આપીએ છે. ✩

## પૈગામે મસર્રત

**કારેઈન સાલેહીન ને ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની બે ઈદો – ઈદુઝ્ઝબીહત (૧૦મી તારીખ) અને ઈદુલ વલાયત (૧૮મી તારીખ) ની ઈબાદત, નેઅમત અને સઆદતની ખુશી–ખુર્રમી મુબારક થાય. ઝબીહત અને વલાયત તે મીસાકનો અહમ હિસ્સો છે. આ ઈદની મસર્રત તે છે કે, જેમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની દરજએ વસાયત પર કાઈમ–મકામી અને તાજપોશી હમારા દીન અને ઈમાનની બલંદીનો સબબ બનેલી છે.** ✩

**ઈબાદતગુઝારીવાલું ઝમીનનું સાદું ઘર હમને આખેરતમાં આઅલા મહેલમાં રહેનાર બનાવશે.**

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✩

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન–રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ–સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**

**₹ ૧૦૦/–**

શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.

મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.



Private Circulation For **Isma'ili - Taiyebi - Alavi Bohra Mumineen** Only.